સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા/ઘટક કચેરીઓની વર્ગ-૩ની
૨૮ જગ્યાઓ આઉટસોર્સથી ભરવાની મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/0006/B1

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૬/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી/ ૧૨૨૦૨૨/૨૪/બ૧.
2. નિયામકશ્રી (આઈસીડીએસ) કચેરીના તા.૨૧/૧૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક: આઈસીડીએસ/ મકમ-૫/૪૮ આ.સો.ની મંજુરી વર્ષ૨૩-૨૪/વશી/૫૪૦૬૫૪

//**ઠરાવ**//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથીસંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કચેરીઓની ૪૮ જગ્યાઓ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેનપાવર ઉપલબ્ધ થયેથી જગ્યા ભરેલ હોવાની શરતે સદર જગ્યાઓની સેવાઓ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના પત્રથી ઉક્ત જગ્યાઓ વધુ ૧૧ માસ લંબાવવાની દરખાસ્ત કરેલ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૨/- સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કચેરીની તા.૨૬/૦૪/૨૦૨૨ના ઠરાવથી આઉટસોર્સથી ભરવા મંજૂરી મળેલ કુલ-૪૮ જગ્યાઓ પૈકી ભરાયેલ કુલ-૨૮ જગ્યાઓની સેવાઓ તા.૦૧/૦૨/૨૦૨૩થી વધુ ૧૧ માસ માટે એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય એ બેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | આઉટસોર્સથી ભરવાની જગ્યાનું નામ | જિલ્લા કક્ષાની જગ્યાઓ | ઘટક કક્ષાની જગ્યાઓ | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કચેરી અધિક્ષક | ૦૩ | --- | ૦૩ |
| ૨ | આંકડા મદદનીશ | ૦૨ | ૧૮ | ૨૦ |
| ૩ | હિસાબનીશ | ૦૪ | --- | ૦૪ |
| ૪ | જુ.ક્લાર્ક | ૦૧ | --- | ૦૧ |
| | કુલ | ૧૦ | ૧૮ | ૨૮ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૩/૦૩/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ...................
4. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
5. નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઈસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ...............
7. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઈસીડીએસ) , મ્યુનિસિપલ કોર્પોરેશન,...............
8. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
12. શાખા સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:Satish Patel
Section Officer (I/C)
Date: 2023.03.15
11:47:55 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Signature valid

Signed by:Satish Patel
Section Officer (I/C)
Date: 2023.03.15
11:47:55 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*